ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
મંગળવાર ૨ જુન, ૨૦૨૬


# આસપાસ ચોપાસ

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!


## લાખો શ્રદ્ધાળુઓની આસ્થાનું આધ્યાત્મિક ધામ: શ્રી સિંદુરીયા કેરડા મેલડી માતાજીનું પવિત્ર પ્રાગટ્યસ્થાન

શ્રી સિંદુરીયા કેરડા મેલડી માતાજી મંદિર વલાસણ ગામમાં પ્રવેશતા જ ભક્તોના મનમાં ભક્તિ અને શ્રદ્ધાનો અનોખો ભાવ જગાવી દે છે. ભવ્યાતિભવ્ય મંદિર પરિસર, આધ્યાત્મિક વાતાવરણ અને સતત ઉમટતા શ્રદ્ધાળુઓના પ્રવાહને કારણે આ ધામ સમગ્ર ગુજરાતમાં આગવી ઓળખ ધરાવે છે. દુરસુદુરથી આવતા લાખો ભાવિકો માટે આ મંદિર અડગ આસ્થા અને વિશ્વાસનું કેન્દ્ર બની ગયું છે.

ખાસ કરીને દર રવિવારે અહીં ભક્તોની અવિરત ભીડ જોવા મળે છે. મંદિર પરિસરમાં જાણે શ્રદ્ધાનો સાગર ઉમટી પડ્યો હોય તેવો માહોલ સર્જાય છે. અંદાજે દર રવિવારે ૨૫ થી ૩૦ હજાર જેટલા શ્રદ્ધાળુઓ માતાજીના દર્શનનો લ્હાવો લેવા પહોંચે છે. યાત્રિકોની સુવિધાને ધ્યાને રાખીને મંદિર ટ્રસ્ટ દ્વારા સવારે ૧૦ વાગ્યાથી બપોરે ૧ વાગ્યા સુધી માત્ર રૂ.૪૦ના નજીવા શુલ્કે દાળ-ભાત, શાક-પૂરી અને લાડુનો ભોજનપ્રસાદ આપવામાં આવે છે. સેવા અને સંસ્કારનો આ ભાવ ભાવિકોમાં વિશેષ આદર જગાવે છે. મંદિરનો ઇતિહાસ આશરે ૨૫૦ વર્ષ જૂનો માનવામાં આવે છે. પૌરાણિક માન્યતા અને શિલાલેખ મુજબ સંવત ૧૮૦૧ના આસો સુદ આઠમના પવિત્ર દિવસે અહીં માતાજીનું સાક્ષાત પ્રાગટ્ય થયું હતું. તે સમય દરમિયાન આજુબાજુ ઘન જંગલ હતો. ઢેબાકુવા વિસ્તાર પાસે વાવ અને કૂવાના ખોદકામ માટે આવેલા વણઝારા સમાજના લોકો સિંદુરીયા કેરડાના વૃક્ષ નીચે માતાજીની પાદુકાની આરાધના કરતા હતા. એક પ્રસંગે તેઓ માતાજીની પાદુકા ત્યાં જ ભૂલી ગયા હતા. જ્યારે તેઓ પરત આવ્યા ત્યારે માતાજીએ સાક્ષાત પ્રગટ થઈ આ સ્થાનને પોતાનું નિવાસસ્થાન બનાવવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. ત્યારથી અહીં "ભગવતી શ્રી સિંદુરીયા કેરડાની મેલડી" તરીકે માતાજીની પૂજા શરૂ થઈ હોવાનું માનવામાં આવે છે.



મંદિર પરિસરમાં આજે પણ કેરડાના પૌરાણિક વૃક્ષ નીચે માતાજીનું મૂળ પ્રાગટ્યસ્થાન આવેલું છે. ભક્તોમાં એવી અડગ માન્યતા છે કે અહીં કરેલી પ્રાર્થના અને મનોકામનાઓ માતાજી ઝડપથી પૂર્ણ કરે છે. વણઝારા સમાજ દ્વારા ખોદાયેલી પ્રાચીન વાવ આજે પણ મંદિરના ઇતિહાસની સાક્ષી તરીકે જાળવવામાં આવી છે. મંદિરમાં ઉજવાતા ઉત્સવો પણ અત્યંત ભવ્ય હોય છે. એપ્રિલ મહિનામાં ગંગા સાતમનો પાટોત્સવ અને નવચંડી યજ્ઞ યોજાય છે, જેમાં હજારો ભક્તો પ્રસાદનો લાભ લે છે. ભાદરવા સુદ નોમના દિવસે માતાજીનો પ્રાગટ્ય ઉત્સવ ધામધૂમથી ઉજવાય છે. આસોની નવરાત્રિ દરમિયાન મંદિર પરિસરમાં માતાજીના જયઘોષ સાથે ભક્તિ અને શક્તિ આરાધનાનો અદભુત માહોલ સર્જાય છે. જાણીતા કલાકારોના સાનિધ્યમાં નવ દિવસ સુધી ગરબા અને ભક્તિરસની રંગત જામે છે. મંદિરના ઇતિહાસમાં ઝોપડા મહારાજ મંદિરનું પણ વિશેષ મહત્વ રહેલું છે. પરંપરા અનુસાર પ્રથમ ઝોપડા મહારાજની પૂજા અને ભોગ અર્પણ કરવામાં આવે છે, ત્યારબાદ જ કેરડા મેલડી માતાજીને પ્રસાદ ધરાવવામાં આવે છે. આ અનોખી પરંપરા મંદિરની આધ્યાત્મિક વિશેષતાને વધુ ગૌરવ આપે છે. શ્રદ્ધા, ઇતિહાસ, સેવા અને આધ્યાત્મિકતાનું અનોખું સંગમ બનેલું શ્રી સિંદુરીયા કેરડા મેલડી માતાજીનું ધામ આજે લાખો ભાવિકોની અખૂટ આસ્થાનું કેન્દ્ર બની સમગ્ર પંથકને ગૌરવ અપાવી રહ્યું છે.




## ભક્તિ, પૌરાણિક મહાત્મ્ય અને સહકારીતાનો સુમેળ ધરાવતું ગામ


# વલાસણ

## પૌરાણિક હેડંબા વનથી માંડીને વડોદરાના ગાયકવાડના ઈનામી ગામ સુધી વલાસણના વૈભવનો અનોખો ઈતિહાસ

વલાસણ ગામ પોતાના નામની પાછળ છુપાયેલા પૌરાણિક પ્રસંગો, રાજવી ઈતિહાસ અને સામાજિક વૈવિધ્યને કારણે વિશિષ્ટ ઓળખ ધરાવે છે. આણંદ જિલ્લાના સાંસ્કૃતિક ધરોહર સમાન આ ગામ ઉ. અ. ૨૨ ૩૩' અને પૂ. રે. ૭૨ ૫૩' પર આવેલું છે. કરમસદ રેલવે સ્ટેશનથી આશરે બે માઈલ દૂર આવેલું આ ગામ પ્રાચીન કાળથી જ લોકચર્ચાનું કેન્દ્ર રહ્યું છે. વલાસણ ગામની નજીકમાં આવેલું આણંદ જંકશન ગામને રેલ્વે માર્ગને જોડતું મહત્વપૂર્ણ કેન્દ્ર માનવામાં આવે છે.

લોકમાન્યતાઓ અને પ્રાચીન કથાઓ અનુસાર મહાભારતકાળ દરમિયાન આ સમગ્ર વિસ્તાર હેડંબા વન તરીકે ઓળખાતો હતો. આ જ વિસ્તારમાં બકાસૂર નામનો રાક્ષસ વસતો હતો એવી લોકવાયકા આજે પણ વડીલોની વાણીમાં જીવંત છે. સમયાંતરે અહીં માનવ વસાહત શરૂ થઈ અને બકાસૂરના નામ પરથી ગામનું નામ "બકાસણ" પડ્યું હોવાનું માનવામાં આવે છે. પછી ભાષાના અપભ્રંશ અને લોકઉચ્ચારના પરિવર્તનથી "બકાસણ" પરથી "બલાસણ" અને અંતે "વલાસણ" નામ પ્રચલિત બન્યું હોવાનું લોકચર્ચા દરમિયાન જાણવા મળે છે. ગામના નામ પાછળ રહેલી આ પૌરાણિક ગાથા વલાસણને ઐતિહાસિક રીતે અનોખું સ્થાન અપાવે છે.

ઈતિહાસકારોની માન્યતા મુજબ આશરે સાતસો વર્ષ પહેલાં વીરસિંગભાઈ નામના રજપૂતે આ ગામનો પાયો નાખ્યો હતો. ગામની સ્થાપના બાદ વિવિધ સમાજોના લોકો અહીં આવી વસ્યા હતા. તેમાં ખાસ કરીને રજપૂત, પાટીદાર અને બ્રહ્મભટ્ટ સમાજનું વિશેષ પ્રભુત્વ રહ્યું છે. વિવિધ



> ભાષાના અપભ્રંશ અને લોકઉચ્ચારના પરિવર્તનથી "બકાસણ" પરથી "બલાસણ" અને અંતે "વલાસણ" નામ પ્રચલિત બન્યું છે


સમાજોના સહઅસ્તિત્વને કારણે ગામમાં સાંસ્કૃતિક સમરસતા અને સામાજિક એકતાનું સુંદર દૃશ્ય જોવા મળે છે. વલાસણના ઈતિહાસમાં વડોદરાના ગાયકવાડ શાસનનો પણ મહત્વપૂર્ણ ઉલ્લેખ જોવા મળે છે. ગાયકવાડ શાસક શ્રીમંત પીલાજીરાવે બ્રહ્મભટ્ટ સમાજના રામસિંહને આ ગામ ઈનામરૂપે અર્પણ કર્યું હતું. ત્યારથી વલાસણ "ઈનામી ગામ" તરીકે ઓળખાવા લાગ્યું છે. રાજવીકાળની આ ઘટના ગામના ગૌરવશાળી ભૂતકાળને વધુ ઉજાગર કરે છે. લગભગ ૨.૫ ચોરસ માઈલ વિસ્તારમાં ફેલાયેલું વલાસણ ગામ આજે આધુનિક વિકાસ સાથે આગળ વધી રહ્યું છે, છતાં ગામે પોતાની ઐતિહાસિક ઓળખ, પરંપરા અને સાંસ્કૃતિક મૂલ્યોને જીવંત રાખ્યા છે. પૌરાણિક કથાઓથી લઈને રાજવી ઈતિહાસ સુધીની અનોખી સફર ધરાવતું વલાસણ ગામ ખરેખર ઈતિહાસ અને સંસ્કૃતિનું જીવંત પ્રતિક બની રહ્યું છે.

## સેવાભાવની સરવાણી વહાવતા દાતાઓની સખાવતથી ગામમાં પ્રવેશદ્વાર સમાજવાડી વગેરેનું નિર્માણ થયું છે

વલાસણ ગામના વિકાસ અને સુખાકારી પાછળ ગામલોકોની એકતા જેટલો જ મહત્વપૂર્ણ ફાળો દાતાશ્રીઓની ઉદારતાનો રહ્યો છે. સેવાભાવ, વતનપ્રેમ અને સમાજપ્રત્યેની લાગણીના કારણે ગામમાં વર્ષોથી દાનની સરવાણી વહેતી રહી છે. ગામના સ્થાનિક દાતાઓથી લઈને વિદેશમાં વસતા એન.આર.આઈ. વતનીઓ સુધી સૌએ પોતાના વતનના વિકાસ માટે હંમેશા ઉમદા યોગદાન આપ્યું છે. ગામમાં પ્રવેશતા નજરે પડતું ભવ્ય પ્રવેશદ્વાર ગામના ગૌરવ અને એકતાનું પ્રતિક બની રહ્યું છે. આ ઉપરાંત વિવિધ દેવમંદિરો, સમાજવાડીઓ અને સામાજિક ઉપયોગની સુવિધાઓના નિર્માણમાં પણ દાતાશ્રીઓએ ઉદાર હાથે સહયોગ આપ્યો છે. ગામના વિકાસકાર્યોમાં લોકોની સ્વૈચ્છિક ભાગીદારી વલાસણની વિશેષ ઓળખ બની ગઈ છે. શૈક્ષણિક ક્ષેત્રે પણ દાતાઓનો સહયોગ અત્યંત નોંધપાત્ર રહ્યો છે. ગામની શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓને જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં દાતાઓએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. વિદ્યાર્થીઓમાં શિક્ષણ પ્રત્યે ઉત્સાહ વધે અને તેઓ વધુ પ્રગતિ કરે તે માટે વિવિધ પ્રસંગોએ પ્રોત્સાહક ઇનામો અને આર્થિક સહાય પણ આપવામાં આવે છે. આ સહયોગના કારણે અનેક વિદ્યાર્થીઓને આગળ વધવાની નવી પ્રેરણા મળી રહી છે.

> "મારું ગામ – મારો ગૌરવ"ની ભાવનાથી પ્રેરાઈ ગામના દાતાઓ સેવાકીય પ્રવૃત્તિઓમાં જોડાઈ રહ્યા છે

ધાર્મિક ક્ષેત્રે પણ ગામના દાતાઓ સતત સેવાકીય કાર્યમાં જોડાયેલા રહે છે. મંદિરોના નિર્માણ, જીર્ણોદ્ધાર અને ભક્તોની સુવિધાઓ માટે સમયાંતરે યથાશક્તિ દાન આપવામાં આવે છે. જેના કારણે ગામના ધાર્મિક સ્થળો માત્ર આસ્થાના કેન્દ્ર જ નહીં, પરંતુ સામાજિક એકતા અને સંસ્કારના પ્રતિક બની રહ્યા છે. વલાસણ ગામની વિશેષતા એ છે કે અહીં દાન માત્ર આર્થિક સહાય પૂરતું મર્યાદિત નથી, પરંતુ ગામના વિકાસ માટેની લાગણી અને જવાબદારીનું પ્રતિબિંબ છે. "મારું ગામ – મારો ગૌરવ"ની ભાવનાથી પ્રેરાઈ ગામના દાતાશ્રીઓ સતત સેવાકીય પ્રવૃત્તિઓમાં જોડાઈ રહ્યા છે. દાતાઓની આ સખાવત અને ગ્રામજનોની એકતાના કારણે વલાસણ ગામ આજે ગૌરવપૂર્વક અગ્રેસર બની રહ્યું છે.



## વલાસણ ટાઉન ટોક

### -: વલાસણ ગામનો પરિચય :-

| | |
|---|---|
| ગામના કુંટુંબોની કુલ સંખ્યા | 1682 |
| કુલ વસ્તી | 8050 |
| કુલ પુરૂષો | 4118 |
| કુલ સ્ત્રીઓ | 3932 |

### -: સાક્ષરતા દર :-

| | |
|---|---|
| કુલ સાક્ષરતા દર | 83.64 |
| પુરૂષ સાક્ષરતા દર | 92.73 |
| સ્ત્રી સાક્ષરતા દર | 74.23 |

### -: ખેડૂતો :-

| | |
|---|---|
| ખેડૂતો | 393 |
| ખેત મજૂર | 868 |
| સીમાંત વર્ગ | 1011 |

### -: બીપીએલ :-

| | |
|---|---|
| બીપીએલ કુટુંબ (0 થી 16) | 346 |
| બીપીએલ કુટુંબ (17 થી 20) | 689 |

### -: પશુધન :-

| | |
|---|---|
| પશુધન | 2972 |
| ગાય | 881 |
| ભેંસ | 1657 |
| અન્ય | 434 |

### -: જમીન ક્ષેત્રફળ :-

680 હેક્ટર 92 આરે 70 ચોરસ મીટર
કાયમી ગૌચર અને ચરણ 32 હેક્ટર 67 આરે 07 ચો.મી.

### -: ખેતીપાક :-

1. ડાંગર  2. તમાકુ
3. બાજરી  4. વિવિધ શાકભાજી

### -: શૈક્ષણિક સગવડ :-

| | |
|---|---|
| પ્રાથમિક શાળા | 08 |
| માધ્યમિક શાળા | 02 |
| ઉચ્ચ.માધ્ય. શાળા | 03 |
| વિદ્યાર્થીઓ | 1880 |

### -: પીવાના પાણીની સવલત :-

| | |
|---|---|
| ઘરે ઘરે નળ કનેક્શનની સંખ્યા | 3200 |

### -: વીજળીકરણ :-

| | |
|---|---|
| રહેણાંક વીજ જોડાણ | 3200 |
| ઔદ્યોગિક વિષયક જોડાણ | 62 |
| ખેતી વિષયક જોડાણ | 65 |

### -: એલપીજી ગેસ વ્યવસ્થા :-

| | |
|---|---|
| એલપીજી ગેસ ધારકો | 2500 |

### -: સામાજિક સુરક્ષાની વિગતો :-

| | |
|---|---|
| NFSA કાર્ડ ધારકો | 819 |
| BPL કાર્ડ ધારકો | 378 |
| અંત્યોદય કાર્ડ ધારકો | 81 |

### -: રસ્તાની સુવિધા :-

મેટલ રોડ, ડામર રોડ, અને સીમેન્ટ રોડ

### -: યોજનાકીય લાભાર્થીઓ :-

| | |
|---|---|
| વૃદ્ધા પેન્શન | 111 |
| વિધવા સહાય | 149 |
| આર્થિક લાભ મેળવેલ અપંગ વ્યક્તિો | 05 |